વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાંથી માહે જુલાઈ-૨૨ થી સપ્ટેમ્બર-૨૨ માટેની મૂડી હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

22 AUG 2022

માંગણી ક્રમાંક: ૯૫

Inward No.
Registry Branch
G. W. S. S. BOARD
CAO
MS 9034
Chairman
Marking

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સુધારા યાદી ક્રમાંક :બીયુડી/૧૦૨૦૨૨/૩૩૫/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૮/૨૦૨૨

18 AUG 2022

વંચાણે લીધો–

(૧) નાણા વિભાગનો તા.૦૭-૦૭-૨૦૨૨નો ફાઈલ ક્ર. **WSD/102022/60543/KH3(95-4215-01-789-02)**

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૭/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: **24/BUD/10/2022/95-4215-01-789-02/B**

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૦૭/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: **24/BUD/10/2022/95-4215-01-789-02/B**

યાદી : -

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધા ઓર્ડર (૧) અને (૨) થી જલજીવન મિશન (SCC) હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્ર અંતર્ગત માંગણી ક્રમાંક : ૯૫, મુખ્ય સદર- ૪૨૧૫ હેઠળ માહે જુલાઈ-૨૨ થી સપ્ટેમ્બર-૨૨ માસ માટે કુલ રૂ.૭૪,૫૩,૨૨,૦૦૦(અંકે રૂપિયા ચુમ્મોત્તેર કરોડ ત્રેપન લાખ બાવીસ હજાર પુરા)ની ગ્રાન્ટ પાણી પુરવઠા પ્રભાગને ફાળવેલ છે. જે ગ્રાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ યોજનાઓમાં ખર્ચ કરવા માટે ફાળવણી કરવા ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી,(પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.



C:\Users\admin\Desktop\Grant 2022\95\April June\july sept\css.docx

| અનું. | વિગતવાર સદર | | જુલાઈ-૨૨ થી સપ્ટેમ્બર-૨૨ માટે | રકમ શબ્દોમાં અંકે રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ | | | | |
| માંગણી ક્રમાંક ૯૫ | | | | |
| | મુખ્ય સદર - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા | રૂ.૭૪,૫૩,૨૨,૦૦૦ | ચુમ્મોત્તેર કરોડ ત્રેપન લાખ બાવીસ હજાર પુરા |
| | પેટા મુખ્ય સદર | ૦૧ પાણી પુરવઠો | | |
| | ગૌણ સદર - | ૭૮૯ અનુસૂચિત જાતિઓ માટે વિશેષ ઘટક યોજના | | |
| | પેટા સદર - | ૦૨- જલ જીવન મિશન (રાજ્ય) | | |
| | વિગતવાર સદર | ૦૦ | | |
| | હેતુ સદર - | ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ | | |
| | હેડ ચાર્જેબલ - | ૪૨૧૫ ૦૧ ૭૮૯ ૦૨ | | |

શરતો :-

1. વર્ષ ૨૦૨૨-૨૩નાં અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.
2. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.
3. વર્ષ ૨૦૨૨-૨૩નાં અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
4. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ. જો માહિતી સમય સર મોકલવામાં ન આવે તો તેનીં જવાબદારી બોર્ડના નાણા નિયંત્રક અધિકારીની રહેશે
5. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
6. આગળ દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવોમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(આર.વી.પરમાર)
સેક્શન અધિકારી(પા.પુ)
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

(૧) અધિક સચિવશ્રી(પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) ઉપસચિવશ્રી(પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

(૪) નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના પ્રતિ,

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.

(૨) મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૩) ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક - શાખા, સચિવાલય, ગાંધીનગર.

(૪) ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(સમાજ કલ્યાણ) સચિવાલય, ગાંધીનગર

(૫) જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારું.

(૭) પસંદગી ફાઈલ.